PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૩/૧૭–૧૮/2962-3 તા. 09-03-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
યોગેશભાઈ બી. ગોહેલ,
શુભમ એન્તુ,
હરભોલે ઈન્ડ. – બી–,
કોઠારીયા સોલવન્ટ
ગોંડલ રોડ,
રાજકોટ
મો: ૯૬૮૭૦૨૪૮૫૯

**વિષય :–નવા ઓદ્યોગીક જોડાણ મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૮/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૮/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૩–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: યોગેશભાઈ બી. ગોહેલ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી યોગેશભાઈ બી. ગોહેલ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર – કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નવા ઓર્દ્યોગીક જોડાણ મેળવવા બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ નવુ ૧૨ કીવો નુ ડી–કેટેગરી હેઠળ ઓર્દ્યોગીક જોડાણ મેળવવા બાબતે – પીજીવીસીએલ દ્વારા નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાનુ થાય છે – તેઓના શેડ થી ૬૦ થી ૭૦ ફુટ દુર – તેઓના સર્વે નંબર નો કોમન પ્લોટ આવેલ છે. જે જગ્યાએ અરજદાર શ્રી એ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાનો આગ્રહ રાખેલો છે. પરંતુ, નાયબ ઈજનેર શ્રી તેઓના શેડ ની પાસે જ સદર ટ્રાન્સફોર્મર ઉભુ કરાવવા માંગે છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી યોગેશભાઈ બી. ગોહેલ દ્વારા હરભોલે ઈન્ડ. એરીયા કોઠારીયા મા તા.૧૨–૧૦–૧૭ ના રોજ નવુ ૧૨ કીવો નુ ઓર્દ્યોગીક હેતુના નવા વીજ જોડાણ – મેળવવા બાબતે – તા.૧૨–૧૦–૧૭ ના નોંધણી કરાવેલ. જે અન્વયે – પીજીવીસીએલ દ્વારા તા.૦૯–૧૧–૧૭ ના રોજ નિયમાધીન ભાવપત્રક અપાયેલ. જે અનુસંધાને – અરજદાર દ્વારા તા.૧૪–૧૧–૧૭ ના રોજ – સદર ભાવપત્રક ભરપાઈ કરી આપેલ. ત્યારબાદ, પીજીવીસીએલ દ્વારા સર્વે થયા મુજબ – કોન્ટ્રાકટર દ્વારા કામગીરી કરવા માટે સ્થળ ઉપર હાજર થતા – અરજદારે ટ્રાન્સફોર્મર સેન્ટર પોતાના શેડ ની બાજુમા ઉભુ કરવાની ના પાડેલ, અને તેઓના શેડ થી આશરે૬૦ થી ૭૦ ફુટ દુર આવેલ કોમન પ્લોટ ને અડીને ટ્રાન્સફોર્મર ઉભુ કરવા જણાવેલ. સદર બાબતે – પીજીવીસીએલ દ્વારા સ્થળ તપાસ કરતા – અરજદાર ના જણાવ્યા મુજબ – કોમન પ્લોટ મા – કમ્પાઉન્ડીગ વોલ કરાયેલ છે. આથી તે પ્લોટ – કોમન પ્લોટ છે કે નકકી કરી શકાયેલ નથી. જેથી, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા તા.૦૧–૦૧–૧૮ ના પત્ર દ્વારા અરજદાર ને ટ્રાન્સફોર્મર ઉભુ કરવા માટે ની બીન વિવાદાસ્પદ જગ્યા સત્વરે બતાવવા માટે જાણકારી આપેલ છે. |

**મુદદા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ દ્વારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન કરાયેલ છે, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**